(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે તે લખો.** **(૫)**

| | મૂળ પાઠ | પાઠ |
|---|---|---|
| ૧. પ્રમાદ કરવાથી | પમાયાચરિયં | આઠમું વ્રત |
| ૨. અશુદ્ધ ભિક્ષા | અપરિસુદ્ધં | બીજું શ્રમણસૂત્ર |
| ૩. પ્રતિપૂર્ણ છે | પડિપુન્નં | પાંચમું શ્રમણસૂત્ર |
| ૪. ધર્મની આદિ કરનારા | આઈગરાણં | સામાયિકનો સાતમો પાઠ |
| ૫. કલ્પે નહિ | અકપ્પો | પ્રતિક્રમણનો બીજો પાઠ |

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. કર્માદાન કોને કહે છે? તે કેટલા છે? શ્રાવકને કેટલા કર્માદાનની છૂટ હોય?

**જ. જે ધંધા અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે. ૧૫. એકપણ નહિ.**

૨. તીર્થ એટલે શું? તે કેટલા છે? તેમાં કોનો સમાવેશ થાય છે? તેનું બીજું નામ શું છે?

**જ. જેની સ્થાપના તીર્થંકર કરે. ચાર. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. ચતુર્વિધ સંઘ.**

૩. ભય કયા કર્મના ઉદયથી હોય? તેના માત્ર નામ લખો.

**જ. ભય મોહનીયના ઉદયે. આલોક, પરલોક, આદાન, અકસ્માત્, આજીવિકા, મરણ, અપયશ.**

૪. એક મહાવિદેહમાં જઘ.–ઉત્. કેટલા તીર્થંકર હોય? સીમંધર સ્વામી કયા બિરાજે છે?(દ્વીપ, ક્ષેત્ર, વિજય)

**જ. જઘન્ય – ૪ ઉત્કૃષ્ટ – ૩૨. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આઠમી વિજયમાં બિરાજે છે.**

૫. ગોચરી વખતે કોનાથી કયા કયા દોષ લાગી શકે છે?

**જ. ઉદ્ગમના ૧૬ દોષ વહોરાવનાર ગૃહસ્થથી લાગે. ઉત્પાદનના ૧૬ દોષ વહોરનાર સાધુથી લાગે. એષણાના ૧૦ દોષ ગૃહસ્થ અને સાધુ બંનેથી લાગે.**

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. જ્ઞાન –**જેનાથી પદાર્થને વિશેષરૂપે જાણવું, જીવનો ઉપયોગ, જીવનું લક્ષણ, જીવનો જાણપણાનો ગુણ.**

૨. અપ્રતિપાતિ અવધિજ્ઞાન – **જે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન જાય નહિ, સંપૂર્ણ ભવ સુધી રહે અથવા કેવળ જ્ઞાનની પ્રાપ્તિ સુધી રહે.**

૩. પ્રથમ સમય સયોગી ભવસ્થ – **કેવળજ્ઞાનનો પ્રથમ સમય.**

૪. અનક્ષર શ્રુત – **જેમાં અક્ષરના ઉચ્ચાર નથી જેમ કે શ્વાસ લેવો, શ્વાસ મૂકવો, ઉધરસ, છીંક, બગાસા વગેરે અનક્ષર ઉચ્ચારથી જે જ્ઞાન થાય તે અનક્ષર શ્રુત.**

૫. ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાન – **સામાન્યપણે જાણે તે.**

૬. અવાય – **નિર્ણય કરવો.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માત્ર એક વાક્યમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. અનાદિ શ્રુત એટલે શું? | **જે શ્રુત આદિ રહિત છે, તેને અનાદિ શ્રુત કહે છે.** |
| ૨. સર્વાર્થસિદ્ધના દેવનો અવધિજ્ઞાનનો વિષય લખો. | **જ. ઉ. ૧૪ રાજલોકમાં કાંઇક ઓછું દેખે.** |
| ૩. ક્ષેત્રથી કેવળજ્ઞાની કયા ક્ષેત્રની વાત જાણે દેખે? | **સર્વ ક્ષેત્ર (લોકાલોકની).** |
| ૪. અનાનુગામિક અવધિજ્ઞાનના ભેદ લખો. | **સંબદ્ધ (નિરંતર), અસંબદ્ધ (સઅંતર).** |
| ૫. જાતિસ્મરણજ્ઞાન કોનો વિષય છે? | **મતિજ્ઞાનમાં ધારણાનો.** |

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧ જે જ્ઞાન ....... અને ...... ની સહાયતાથી થાય તેને પરોક્ષ જ્ઞાન કહે છે.

**જ. ઈન્દ્રિય, મન.**

૨. આવશ્યક વ્યતિરિક્તના ...... અને ...... ભેદ છે.

**જ. કાલિક શ્રુત, ઉત્કાલિક શ્રુત.**

૩. પંકપ્રભા નારકીનું અવધિજ્ઞાન ...... ના આકારે હોય છે અને અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર ...... છે.

**જ. ત્રાપા, ૨॥ ગાઉ.**

૪. ......, ...... આદિ ગુણ મન:પર્યવજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે.

**જ. શાંતિ, સંયમ.**

**(૪) નીચેના પ્રશ્નોના ૨ કે ૩ લીટીમાં જવાબ લખો.** **(૧૫)**

૧. મધ્યમ વર્ધમાન અવધિજ્ઞાનના કેટલા ભેદ છે? વૃદ્ધિ કેટલા પ્રકારે થાય? કોણ કોનાથી સૂક્ષ્મ છે? (૩)

**જ. અનેક ભેદ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. કાળ સર્વથી સૂક્ષ્મ છે, તેથી ક્ષેત્ર અસંખ્યગણું સૂક્ષ્મ છે, તેથી દ્રવ્ય અનંતગુણ સૂક્ષ્મ છે, તેથી ભાવ અનંતગુણ સૂક્ષ્મ છે.**

૨. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન એટલે શું? તેના માત્ર નામ લખો. (૨×૬)

**જ. ન સાંભળેલું, ન જોયેલું તેમાં મતિ વિસ્તરે. ઔત્પાતિકા બુદ્ધિ, વૈનિયકા બુદ્ધિ, કાર્મિકા બુદ્ધિ, પારિણામિકા બુદ્ધિ.**

૩. મધ્યગત અવધિજ્ઞાન એટલે શું?

**જ. તે સર્વ દિશા તથા વિદિશા તરફ સંખ્યાતા, અસંખ્યાતા યોજન જાણે અને જુએ. જેમ દીવો માથે મૂકીને ચાલે તો તે ચોતરફ જુએ તેમ.**

૪. પરંપર સિદ્ધ કેવળજ્ઞાનના ભેદ લખો.

**જ. અનેક ભેદ છે – જેમ કે બે સમય સિદ્ધ, ત્રિ સમય સિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ, અનંત સમય સિદ્ધ.**

૫. મન:પર્યવજ્ઞાન કોને ઉત્પન્ન ન થાય?

**જ. અમનુષ્ય, અસંજ્ઞી, અકર્મભૂમિ, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા, અપર્યાપ્ત, મિથ્યાદષ્ટિ, સમમિથ્યાદષ્ટિ, અવ્રતી, દેશવિરતિ, પ્રમત્ત સંયતિ, અલબ્ધિવાળા.**

૬. અવગ્રહ એટલે શું? તેના ભેદ કેટલા છે? કયા કયા?

**જ. ગ્રહણ કરવું. નામ, જાતિ વગેરેની વિશેષતા રહિત સામાન્ય જ્ઞાન. બે. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ.**

૭. દ્રવ્ય અને પરભવની અપેક્ષાએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત લખો.

| **જ.** | **અવધિજ્ઞાન** | **મન:પર્યવજ્ઞાન** |
|---|---|---|
| **દ્રવ્યની અપેક્ષા** | **સર્વ રૂપી પદાર્થોને જાણે** | **મનોવર્ગણાના અગુરુલઘુ સૂક્ષ્મ રૂપી દ્રવ્યોને જાણે દેખે.** |
| **પરભવની અપેક્ષા** | **પરભવમાં સાથે જઈ શકે છે** | **પરભવમાં ન જાય, આ ભવ સુધી જ રહે.** |

**(બ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ચણિયા અને નિર્જર્યા એટલે શું?

**જ. ચણિયા – કષાયયુક્ત આત્મા કર્મ પુદ્ગલને ગ્રહણ કરે તે. ઉદા. છાણાને એકઠા કરવા. નિર્જર્યા – કર્મ ફળને ભોગવીને તે કર્મનું આત્મપ્રદેશથી ખરી જવું તે. ઉદયમાં આવીને તે કર્મનું નોકર્મ થઈ જવું. કર્મ ફળ ભોગવીને કર્મનો ક્ષય થવો તે. ઉદા. છાણાનું બળીને રાખ થવું.**

૨. લોભ કેટલા સ્થાન પર પ્રતિષ્ઠિત છે? પહેલા–ચોથાનું નામ અને બીજા–ત્રીજાની વ્યાખ્યા લખો.

**જ. ચાર. (૧) આત્મ પ્રતિષ્ઠિત (૨) પર પ્રતિષ્ઠિત – બીજાને માટે. બીજા કોઈના કારણે લોભ આવે તે. (૩) તદુભય પ્રતિષ્ઠિત – બંને માટે. સ્વયં અને બીજાના કારણે લોભ થાય તે. (૪) અપ્રતિષ્ઠિત.**

૩. કષાય એટલે શું? કયા આગમમાંથી લેવામાં આવ્યો છે? તે અંગ છે કે ઉપાંગ?

**જ. જેનાથી સંસાર વધે. જેમાં જીવો વિવિધ દુ:ખો દ્વારા કષ્ટ પામે તે. પન્નવણા સૂત્ર પદ – ૧૪. ઉપાંગ.**

૪. કષાયના કુલ ભાંગા કેટલા? માયા કષાયના ભાંગા કેટલા? કેવી રીતે? ટૂંકમાં લખો.

**જ. ૩૪૦૦. ૮૫૦. સમુચ્ચય જીવ + ૨૪ દંડક એ ૨૫ × ૧૬ = ૪૦૦ ભાંગા થાય. કષાયના છ દળિયાને ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ અપેક્ષા ૬ × ૩ = ૧૮. તેને સમુચ્ચય જીવ + ૨૪ દંડક એ ૨૫ × ૧૮ = ૪૫૦ ભાંગા થાય. આમ, ૪૦૦ + ૪૫૦ = ૮૫૦.**

૫. કયા કષાય લાભે? સમકિતની ઘાત કરનાર, ઉપરથી શાંત દેખાતો ક્રોધ, ઘર માટે ભાઈ ઉપર ક્રોધ કર્યો, મારા ગાલ પર મેં લાફો માર્યો.

**જ.અનંતાનુબંધી, ઉપશાંત, વત્થુ, આત્મ પ્રતિષ્ઠિત.**

**(ક) ચાર ધ્યાનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) અર્થ લખો. (૪)**

૧. નિસર્ગ રુચિ – **કોઇના ઉપદેશ વિના સ્વભાવથી ધર્મમાં શ્રદ્ધા – રુચિ કરવી.**

૨. તિપ્પન – **અવાજ વિના અશ્રુપાત કરવો.**

૩. ઉસન્ન – **હિંસા વગેરે કોઇ એક પાપમાં પ્રવૃત્ત રહેવું.**

૪. સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ – **ચૌદમા ગુણસ્થાનની શ્વાસ–ઉચ્છ્વાસ આદિ સૂક્ષ્મ ક્રિયાથી પણ નિવર્તવાનું ચિંતવવું. મેરૂપર્વતની જેમ નિષ્ક્રિય સ્થિતિ અર્થાત્ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરવી. મોક્ષપ્રાપ્તિ પહેલાની અવસ્થા જ્યાંથી પાછા ફરવાનું નથી.**

**(૨) નીચેનામાં કયા ધ્યાનનો કયો ભેદ હોય? (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વ્યાખ્યાન વાંચવું | **ધર્મધ્યાન – આલંબનમાં ધર્મકથા** |
| ૨. મીઠાઈમાં આસક્તિ રાખવી | **રૌદ્રધ્યાન – પાયામાં પરિગ્રહ** |
| ૩. સરળતા રાખવી | **શુક્લધ્યાન – અવલંબનમાં અજ્જવે** |
| ૪. મનનો નિરોધ કરવો | **શુક્લધ્યાન – પાયામાં સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ** |
| ૫. દીકરાના ભવિષ્યની ચિંતા કરવી | **આર્તધ્યાન – લક્ષણમાં શોચન** |

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. કયા ધ્યાનને આલંબન નથી? શા માટે?

**જ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને કારણ કે લોકમાં તે બે અશુભ ધ્યાનના આલંબન અનેક હોવાથી જીવને અનેક ઠેકાણે તેવા આલંબન મળી રહે છે. સારા ખરાબ કોઇપણ નિમિત્તોને પામીને પ્રમાદી જીવ અશુભ ધ્યાનમાં લાગી જાય છે.**

૨. રૌદ્રધ્યાનનું પહેલું લક્ષણ – **ઉસન્ન દોષ : હિંસા વગેરે કોઈપણ એક પાપમાં પ્રવૃત્ત રહેવું.**

ધર્મધ્યાનની બીજી અનુપ્રેક્ષા – **અસરણાણુપ્પેહા : સંસારમાં કોઈ કોઈનું શરણ નથી તેનો વિચાર ચિંતવવો.**

શુક્લધ્યાનનું પહેલું લક્ષણ – **અપાયાનુપ્રેક્ષા : આત્મા દ્વારા કરાયેલ રાગ–દ્વેષરૂપ કર્મોને કારણે આ જીવે અનંતવાર સંસાર પરિભ્રમણ કર્યું છે એમ વિચારવું.**

આર્તધ્યાનનો ચોથો પાયો – **ભોગોમાં આસક્ત બની તેનો વિયોગ ન થાય તેમ ચિંતવવું.**

૩. જે જ્ઞાન ઉપાદેય છે, તેના ગુણસ્થાન કેટલા અને કયા કયા? કયા ગુણસ્થાને કયા પાયા હોય?

**જ. ધર્મધ્યાનના – ૪ થી ૭ ગુણસ્થાન, શુક્લધ્યાનના – ૮ થી ૧૪ ગુણસ્થાન, પહેલો પાયો ૮ થી ૧૦ ગુણ., બીજો પાયો – ૧૧ મે – ૧૨ મે ગુણ., ત્રીજો પાયો – ૧૩ મે ગુણ., ચોથો પાયો – ૧૪ મે ગુણ.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રાતે પરઠવા જતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું?

**જ. જો રાત્રિના સમયમાં બહાર જવું પડે તો મોઢા સિવાય સંપૂર્ણ શરીરે વસ્ત્ર (પછેડી કે શાલ) ઓઢીને બહાર**

**જવું અને રજોહરણથી પૂંજીને ચાલવું. ભાજનને કપડાથી ઢાંકીને લઈ જવું.**

૨. શસ્ત્ર એટલે શું? તે કેટલા પ્રકારના છે? પાણી કઈ રીતે અચેત થાય?

**જ. જેનાથી પાણી અચેત થઈ શકે છે. તે ૨૧ પ્રકારના છે. વાસણ ધોયેલા કે પદાર્થ ધોયેલા પાણીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ જાય ત્યારે પાણી અચેત થાય.**

૩. આપણે કેવી રીતે આવતા પાપને રોકવાના છે? જે પચ્ચક્ખાણ કરે તેને ભગવાને શું કહ્યા છે?

**જ. વ્રતધારી શ્રાવક કે સાધુ બનીને. એકાંત પંડિત, બુદ્ધિમાન કહ્યા છે.**

૪. ભોજન શા માટે કરવાનું છે? ભગવાનની આજ્ઞા શું છે? કયા તીર્થંકરને કોણે કડવા શબ્દો કીધા હતા?

**જ. શરીર ટકાવવા માટે. ભોજનના પદાર્થમાં રાગ–દ્વેષ ન કરવો. ભગવાન મહાવીર સ્વામીને ગોશાલકે.**

૫. નિન્હવ કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? અશ્વમિત્ર કેમ નિન્હવ થયા?

**જ. સ્થાનાંગ સૂત્ર સ્થાન – ૭. અંગ. કાલિક. સર્વ ભાવોને ક્ષણિક માનવાવાળા હતા એટલે નિન્હવ થયા.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. અશોકવાટિકામાં કોણ આવ્યું? સકડાલ પુત્રએ શું વિચાર કર્યો?

**જ. એક દેવ. દેવે શ્રેષ્ઠ વધામણી આપી. મારા ધર્માચાર્ય મંખલિપુત્ર ગોશાલક કાલે અહીં પધારશે. તે જ જિન, અર્હત્ અને કેવળી છે માટે હું અવશ્ય તેને વંદન – નમસ્કાર કરીને પર્યુપાસના કરીશ. તેના ઉપયોગની વસ્તુઓ માટે તેમને આમંત્રણ આપીશ.**

૨. ગોશાલક શું સાંભળીને સકડાલ પુત્ર પાસે આવ્યા?

**જ. ગોશાલકે સાંભળ્યું કે સકડાલ પુત્રે સિદ્ધાંત છોડીને શ્રમણ નિર્ગ્રંથોની દષ્ટિ (દર્શન) અથવા માન્યતા સ્વીકારી લીધી છે. ત્યારે તેણે વિચાર કર્યો કે, હું સકડાલ પુત્ર પાસે જાઉં અને તેની માન્યતા છોડાવીને મારા મતના સિદ્ધાંતનો સ્વીકાર કરાવું. આમ, વિચારીને તે પોલાસનગરમાં આવ્યો.**

૩. ગોશાલકે ભગવાનને મહાગોપ કેમ કીધા?

**જ. આ સંસારરૂપી ભયાનક વનમાં અનેક જીવો સન્માર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યા છે, પ્રતિક્ષણ મરણને પ્રાપ્ત થઈ રહ્યા છે, ખવાય છે, છેદાય છે, ભેદાય છે, વિકલાંગ કરાય છે. તેનું ધર્મરૂપી દંડથી રક્ષણ કરી, તેને મદદ કરી મોક્ષરૂપી વાડામાં પહોંચાડે છે.**

૪. સુભદ્રાને બહુપુત્રિકા દેવી શા માટે કહેવાય છે?

**જ. દેવી જ્યારે જ્યારે શક્રેન્દ્ર પાસે નાટક કરવા જાય છે ત્યારે ઘણા છોકરા, છોકરી, બાળક, બાળિકાઓની વિકુર્વણા કરે છે અને પોતાની દેવઋદ્ધિ, શરીર અને આભરણની કાંતિ, અદ્ભૂત વૈક્રિય શરીરની શક્તિના પ્રભાવ અને તેજને બતાવે છે.**

૫. સોમાના લગ્ન કોની સાથે થશે? તે કેટલા બાળકોને કેવી રીતે જન્મ આપશે?

**જ. રાષ્ટ્રકૂટ. સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટની સાથે સંસારસુખ ભોગવતા દર વર્ષે એકેક સંતાનના જોડલાને જન્મ આપશે. સોળ વર્ષમાં ૩૨ બાળકોને જન્મ આપશે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. તૂ ધર્મભાનુ ........ **પાના નં. ૫૮ કડી – ૫** ૨. સંસારના ......... પૂછો **પાના નં. ૫૭ કડી – ૧**

૩. મને જે ........ આહ્વાન. **પાના નં. ૪૭ કડી – ૨** ૪. રિદ્ધિ ......... તૂટે રે પ્રાણી. **પાના નં. ૫૬ કડી – ૩**

૫. નાની સાધુ વંદણાના રચિયતાનું નામ જે કડીમાં આવતું હોય તે કડી લખો. **પાના નં. ૪૭ કડી – ૧૦**

**જય – જિનેન્દ્ર**